ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૨૪/૨૩–૨૪/ 1220 તારીખ : 11 AUG 2023

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી ધાંધલ શાંતુભાઈ અનકભાઈ,**
**મું.મેવાસા(સુ.)**
**તા.ચોટીલા,**
**જી.સુરેન્દ્રનગર.**

કેસ નં.૨૪/૨૩–૨૪

**મો.નં–૭૦૪૩૨ ૩૦૩૩૦**

**વિષય : મીટર બદલી ઓડીટ બિલ આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૬/૦૭/૨૦૨૩ જે અત્રેની કચેરીને મળ્યા તા.૧૦/૦૭/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૪/૨૩–૨૪/૧૧૨૦ તા.૧૨/૦૭/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૪/૨૩–૨૪/૧૧૪૨ તા.૧૭/૦૭/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૪/૦૭/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(૨) શ્રી નાયબ ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ગ્રામ્ય પેટા **વિ. કચેરી–૨**, સુરેન્દ્રનગર.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૨૪/૨૩–૨૪** ☜

વાદી :– **શ્રી ઘાંઘલ શાંતુભાઈ અનકભાઈ,**

◈ **વિરૂધ્ધ** ◈

**પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૨૪/૦૭/૨૦૨૩** ◈

હાજર રહયા :– **શ્રી ઉદયભાઈ શાંતુભાઈ ઘાંઘલ (વાદી ના પુત્ર)**

પ્રતિવાદી :– **શ્રી એમ.વી.ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ઘાંઘલ શાંતુભાઈ અનકભાઈ, મું.મેવાસા(સુ.), તા.ચોટીલા, જી.સુરેન્દ્રનગરની મીટર બદલી ઓડીટ બિલ આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૨૪/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૪/૨૩–૨૪/૧૧૨૦ તા.૧૨/૦૭/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૪/૦૭/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદીશ્રી ઘાંઘલ શાંતુભાઈ અનકભાઈ વતી તેમના પુત્ર શ્રી ઉદયભાઈ શાંતુભાઈ ઘાંઘલ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.વી.ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

**૧.૧** શ્રી ઘાંઘલ શાંતુભાઈ અનકભાઈ રહે.ગામઃ મેવાસા(સુ.), તા.ચોટીલા ના રહેવાસી છે. તેઓ ખેતીવાડી હેતુ માટેનું ૨૦ એચ.પી.નું વિજ જોડાણ પેટા વિભાગીય કચેરી, ચોટીલા રૂરલ–૨ માં ધરાવે છે. (ગ્રાહક નં–૭૭૦૨૬/૦૦૭૯૨/૦)

૧.૨ વાદીની રજુઆત છે કે, તેઓ દ્વારા તા.૨૮/૦૪/૨૦૨૨ ના રોજ મીટર સળગી જતા, અરજી કરેલ હતી. જેના અનુસંધાને વિજ કચેરી ખાતે તા.૦૫/૦૮/૨૦૨૨ ના રોજ રૂા.૨૨૨૯/– મીટર ચાર્જ પેટે ભરેલ હતા. તેમ જણાવે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૩ વાદીની રજુઆત છે કે, તા.૦૫/૦૭/૨૦૨૨ ના રોજ ફોલ્ટ થતા રીપેરીંગ માટે અરજી કરતા, એક અને વર્ષ–૨(બે) મહિના પહેલાનું મીટર જે લેબમાં ખુલતા, ૫૧,૩૭૪ રીડીંગ ખુલેલ અને તે મુજબ નું ૨૪,૨૧૧ નું બિલ ભરેલ છે. અને તમારે ૨૭,૧૬૩ યનિટ નું રૂા.૧૬,૨૯૭/– નું બિલ ભરવાનું થાય છે. તેમ જણાવેલ. તે ન્યાય સંગત નથી.

૧.૪ અમો દ્વારા દરેક બિલ નિયમીત ભરવામાં આવે છે અને કોઈપણ કર્મચારી દ્વારા એક વર્ષ બાદ તા.૦૬/૦૭/૨૦૨૩ પહેલા કયારેય રીડીંગ દર્શાવેલ નથી કે નીકળેલ નથી. મીટર સંપૂર્ણ બળી ગયેલ હોય, તો મીટરમાં રીડીંગ લેવા પણ શકય ના હોય, તો આ યુનિટનું ખોટું વિજ બિલ આપેલ છે. તેમ જણાવે છે. જે બાબતે ન્યાય આપવા તેમ જણાવે છે.

૧.૫ મીટર ચેકીંગ સમયે મને હાજર રહેવા જણાવેલ નથી. વિજ કચેરીના શીટ નં–૧૮૯૭ ના કાગળમાં ફકત મારી પાસે સહી લેવામાં આવેલ છે. તેમ જણાવે છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ શ્રી ધાંધલ શાંતુભાઈ અનકભાઈ રહે.ગામ–મેવાસા(સુ.), તા.ચોટીલાના રહેવાસી છે. તેઓ ગ્રાહક નં–૭૭૦૨૬/૦૦૭૯૨/૦ થી ધાંધલ શાંતુભાઈ અનકભાઈ ના નામે તા.૨૩/૦૪/૨૦૧૯ થી ખેતીવાડી હેતુ માટેનું ૨૦ એચ.પી.નું વિજ જોડાણ પેટા વિભાગીય કચેરી, ચોટીલા રૂરલ–૨ માં ધરાવે છે.

૨.૨ વાદી દ્વારા મીટરમાં ફોલ્ટ થતો હોય તથા વિજ પોલ નાંખવા બાબતની અરજી તા.૨૧/૦૪/૨૦૨૨ ના રોજ પેટા વિભાગીય કચેરી, ચોટીલા રૂરલ–૨ માં કરવામાં આવેલ હતી. જેના આધારે વિજ કચેરી દ્વારા તા.૩૦/૦૪/૨૦૨૨ ના રોજ વાદીનું મીટર બદલવામાં આવેલ હતું. જે સબબ રોજકામ કરવામાં આવેલ હતું. જેમાં, વાદીની સહી પણ જોવા મળેલ છે. સદર રોજકામમાં મીટરના રીડીંગ અવાચ્ય જણાયેલ છે. જેની નકલ આ સાથે જોડેલ છે.

૨.૩ વાદીનું મીટર તા.૦૭/૦૬/૨૦૨૨ ના રોજ લેબમાં નાયબ ઈજનેર દ્વારા તપાસવામાં આવેલ હતું. જેમાં દર્શાવે છે કે, મીટરના બંને બોડી સીલ બરાબર છે તેમજ મીટરમાં ટર્મીનલ બ્લોકમાં આર ફેઈઝનો મેઈન તેમજ લોડ સાઈડ તેમજ વાય ફેઈઝ નો લોડ સાઈડ બળી ગયેલ છે. તેમજ મીટરની આંતરીક રચના બરાબર છે. આમ, મીટરનો ટર્મીનલ બ્લોક બળી ગયેલ હોવાથી, કંપનીના નિયમ મુજબ આગળની કાર્યવાહી કરવાનું જણાવેલ છે. તેમજ મીટર તપાસતા, તેમાં પણ રીડીંગ ૩૪,૫૭૭.૮ નો ઉલ્લેખ કરવામાં આવેલ છે. જેની નકલ આ સાથે જોડેલ છે.

૨.૪ વાદીને વિજ કચેરી દ્વારા જે સમયે મીટર બદલવામાં આવેલ તે સમયમાં લેબ નહી થતાં, જુના મીટર ના રીડીંગ ધ્યાને લેવામાં આવેલ ન હતા. બાદમાં, વિજ કચેરી ખાતે ૨૦૨૦–૨૧ નું ઓડીટ આવેલ. જેમાં, સદર મીટરનો લેબ રીપોર્ટ તપાસતા તેમાં, રીડીંગ ૩૪,૫૭૭.૮ નો ઉલ્લેખ કરવામાં આવેલ હોય, ગ્રાહકને ભરવાના થાય છે. તેમ જાણ થતાં, સદર ગ્રાહકમાં

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Bhavnagar

તા.૦૮/૦૫/૨૦૨૩ ના રોજ ૨૮૨૨૫ યુનિટનું કુલ બિલ રૂા.૧૬૯૩૫/– ઉધારવામાં આવેલ છે. જે વાદીએ ભરવાનું થાય છે. ઓડીટ રીપોર્ટની નકલ આ સાથે જોડેલ છે. જે આપ સાહેબની જાણ સારૂં.

☞ **<u>ફોરમનું તારણ</u> :–**

૩.૧ વાદી શ્રી ધાંધલ શાંતુભાઈ અનકભાઈ, ગામ–મેવાસા(સુ.), તા.ચોટીલા દ્વારા તેમના ખેતીવાડી વિજ કનેકશનમાં પ્રતિવાદી દ્વારા ઓડીટ બિલના રૂા.૧૬,૯૩૫/– બાકી કાઢતા, વિવાદ થતા ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ આજરોજ રૂબરૂ સુનાવણી દરમ્યાન વાદીના પુત્ર તેમજ પ્રતિવાદી હાજર રહેલ છે. તેમજ લેખિત, મૌખિક રજૂઆતો કરીને દસ્તાવેજો રજૂ કરેલ છે.

૩.૩ સુનાવણી દરમ્યાન રજૂ થયેલ દસ્તાવેજોને ધ્યાને લેતાં, ફોરમને જણાય છે કે, પ્રતિવાદીના મીટર રીડર દ્વારા વાદીના ૨૦ એચ.પી. ખેતીવાડી વિજ કનેકશનનું સમયાંતરે યોગ્ય રીડીંગ નોંધવામાં આવેલ નથી.

૩.૪ વાદીના ૨૦ એચ.પી.કનેકશન મીટર સળગી જતા તા.૨૮.૦૪.૨૨ ની રજૂઆતને લઈને પ્રતિવાદી દ્વારા તા.૩૦/૦૪/૨૦૨૨ ના રોજ મીટર બદલેલ, જે રોજકામ માં વાદીની સહી છે તે સમયે રીડીંગ અવાચ્ય હતા. તથા તા.૦૭/૦૬/૨૦૨૨ ના રોજ લેબમાં ખોલતા, મીટર પોઝીશન, સીલીંગ બરાબર માલૂમ પડેલ. પરંતુ, ટર્મીનલ બ્લોકમાં આર ફેઈઝનો મેઈન તેમજ લોડ સાઈડ તેમજ વાય ફેઈઝનો લોડ સાઈડ બળી ગયેલ જણાવેલ તેમજ આંતરીક રચના બરોબર માલૂમ પડેલ,
પરંતુ, મીટર બદલેલ સમયમાં લેબ નહી થતાં, જુના મીટરના રીડીંગ ૩૪૫૭૭.૮ ધ્યાને લેવાના રહી ગયેલ તેવું પ્રતિવાદીએ જણાવેલ છે.

૩.૫ પ્રતિવાદીની ઓડીટ ટીમ દ્વારા ૨૦૨૦–૨૧ ના ઓડીટ સમયે વાદીના મીટરના પેન્ડીંગ યુનિટ ગણતરીમાં લેવામાં આવેલ ન હોય, તેવું ધ્યાને આવતા ગ્રાહકના ખાતામાં ૩૪૫૭૭.૮ નોંધાયેલા યુનિટના તફાવતના ૨૮૨૨૫ યુનિટનું બિલ રૂા.૧૬૯૩૫/– ઉધારવામાં આવેલ છે.

૩.૬ વાદી દ્વારા તેમના અગાઉના બિલો સમયસર ભરપાઈ કરી આપવામાં આવેલ છે. તથા તેમના વપરાશ કરતા, વધુ યુનિટનું બિલ મળતા તેમજ લેબ. ચકાસણીમાં ન બોલાવવા બાબતે વાંધો ઉઠાવેલ છે.

૩.૭ આ તબકકે ફોરમ દ્વારા વાદીની બિલીંગ હીસ્ટ્રી અને અન્ય પેપર્સ ચકાસતા, વધુ વિગતોની જરૂરીયાત જણાતા, પ્રતિવાદીને વાદીના મીટરનું ફરીથી ચેકીંગ કરી તથા અન્ય ૨૦ એચ.પી.ના ગ્રાહકોનું બિલીંગ હિસ્ટ્રી રજૂ કરવા જણાવવામાં આવેલ.

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૮ આ અંગે પ્રતિવાદી દ્વારા તેમના ઈ-મેઈલ તા. ૦૧.૦૮.૨૦૨૩ થી ફોરમને અહેવાલ કરેલ છે. જેમાં દર્શાવેલ રોજકામ મુજબ વાદીના સ્થળ પર હાલ ૨૦ એચ.પી. ની સામે ૩૨.૧૪૩ એચ.પી. ના લોડ ની મોટર જોવા મળેલ છે. જયારે કે વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન કુલ ૧૩૫૩ યુનિટ નો વીજ વપરાશ નોંધાયેલ છે તદુપરાંત અન્ય ૨૦ એચ.પી. નું કનેક્શન ધરાવતા નજીક ના ગ્રાહકના ખાતા નો ઉતારો રજુ કરેલ છે, જેની બિલીંગ હિસ્ટ્રી નીચે મુજબ જણાયેલ છે

| સી. ન. | ગ્રાહકનું નામ અને નંબર | એચ.પી. | વાર્ષિક યુનિટ વપરાશ<br>વર્ષ યુનિટ | એવરેજ વપરાશ / બીલ. | એરેજ વાર્ષિક વપરાશ / એચ.પી. |
|---|---|---|---|---|---|
| ૦૧. | ધાંધલ શાંતુભા એ.<br>૭૭૦૨૬/૦૦૭૯૨/૦ | ૨૦ | ૨૦૨૦-૨૧ ૩૪૩૦<br>૨૦૨૧-૨૨ ૧૩૫૩<br>૨૦૨૨-૨૩ ૧૧૪૭ | ૫૭૨<br>૨૨૬<br>૧૯૧ | ૧૭૨<br>૬૮<br>૫૭ |
| ૦૨. | જોરુભા દેવાયત<br>૭૭૦૪૭/૦૦૩૦૨/૯ | ૨૦ | ૨૦૨૦-૨૧ ૩૬૬૩<br>૨૦૨૧-૨૨ ૧૦૪૪<br>૨૦૨૨-૨૩ ૧૦૯૯ | ૬૧૧<br>૧૭૪<br>૧૮૩ | ૧૮૩<br>૫૨<br>૫૫ |
| ૦૩. | ધાંધલ રણજીતભાઈ અનકભાઈ<br>૭૭૦૨૬/૦૦૭૯૧/૨ | ૧૫ | ૨૦૨૦-૨૧ ૪૩૬૧<br>૨૦૨૧-૨૨ ૨૫૮૮<br>૨૦૨૨-૨૩ ૧૨૬૫ | ૭૨૭<br>૪૩૧<br>૨૧૧ | ૨૯૧<br>૧૭૩<br>૮૫ |

આમ, વાદીના નોંધાયેલા યુનિટ ના વીજ વપરાશ અન્ય વીજ જોડાણના એચ.પી. દીઠના વપરાશ સાથે પણ તાર્કિક રીતે બંધ બેસે છે.

૩.૯ રજુ થયેલ તમામ દસ્તાવેજો, રોજકામ લેબ રીપોર્ટ, અન્ય ગ્રાહકનો વીજ વપરાશ વગેરે ને ધ્યાને લેતા ફોરમ એવા નિષ્કર્ષ પર આવે છે કે વાદીના મીટરમાં વપરાશ મુજબના યુનિટનું પ્રતિવાદીના મીટર

Redressal Forum P.G.V.C.L. Bhavnagar

રીડર દ્વારા સમયસર બિલીંગ થયેલ નથી, જેને લઇને લેબ રીપોર્ટ મુજબના પેન્ડીંગ યુનિટને ધ્યાને લઇને પ્રતિવાદીની ઓડીટ ટીમ દ્વારા રકમ ઉધારેલ છે જે યોગ્ય છે પ્રતિવાદી દ્વારા વાદીને લેબ ચકાસણી માં હાજર રહેવા બાબત ની નોટીસ આપવામાં આવેલ ન હોવાનું સમર્થન કરેલ છે પરંતુ તેને લીધે ઉપરોક્ત અન્ય કનેક્શનોની વીજ વપરાશ ની પેટર્ન ને પણ ધ્યાને લેતા વાદીને કોઈ નુકશાન થયેલ નથી, આમ વાદી દ્વારા સવાલ વાળું બીલ ભરવાપાત્ર છે. પ્રતિવાદી તે વસુલવા હક્કદાર છે.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં "૩.૯" મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ००૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
( જે.એ. ગોસાઈ )
**ટેકનીકલ સભ્યશ્રી**

(એન.સી.મકવાણા)
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

તારીખ :– ૨૪/૦૭/૨૦૨૩